ADMN - ૫

પ્રકરણ-૨, ૨.૩

# નાગરિક અધિકાર પત્ર

ગુજરાત ખેત ઉદ્યોગ નિગમ લિ.
(સરકારી સાહસ)

ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડ
ગુ.રા.ના.પુ.નિગમનું વહીવટી સંકુલ, ચ-રોડ, ગાંધીનગર,
સેકટર૧૦-એ,ગાંધીનગર-૩૮૨ ૦૧૦
ટેલી ફેક્સ નંબર : ૦૭૯-૨૩૨૪૦૨૦૮
ઈમેઈલ : gaicltd@gmail.com
વેબસાઈટ : www.gaic.gujarat.gov.in

અનુક્રમણિકા


| અનુ.નં. | વિગત | |
|---|---|---|
| ૧. | નાગરિક અધિકાર પત્ર શું છે ? | |
| ૨. | નિગમની સ્થાપના અને ઉદ્દેશ : સાદી સમજ | |
| ૩ | નિગમનુ વહીવટી માળખું | |
| ૪.. | નિગમના મુખ્ય ધંધાઓ અને સેવાઓ | |
| ૫. | નિગમની અન્ય પ્રવૃત્તિઓ | |
| ૬. | સરકારશ્રીએ જાહેર કરેલ કૃષિલક્ષી સહાય મેળવવા માટેની માર્ગદર્શિકા | |
| ૭. | સબસીડી માટે નિયત કરેલ પત્રક ક્યાંથી મેળવશો? | |
| ૮. | રજૂઆત/પ્રશ્નોના નિકાલ માટે કોનો સંપર્ક કરશો ? | |
| ૯. | રજૂઆત/પ્રશ્નોના નિકાલ માટેની સમયમર્યાદા | |
| ૧૦. | નિગમને મળેલ પારિતોષિકો | |
| ૧૧. | પરિશિષ્ટ | |

નાગરીક અધિકાર પત્ર શું છે ?

જવાબદાર નાગરિક : મિત્રતાપૂર્ણ સરકાર

લોકશાહીમાં લોકો માટેની સરકારનો ખ્યાલ અમલમાં મૂકાયેલો છે. નાગરિકોને રાજ્યના વહિવટીતંત્ર પાસેથી સેવા મેળવવાનો અધિકાર છે.

નાગરિકોની રજૂઆત, પ્રશ્નો નાગરિક સુવિધા કેન્દ્રમાં પહોંચ આપીને સ્વીકારવામાં આવશે. જેની નોંધ અલગ અદ્યતન રજીસ્ટરમાં રાખવામાં આવશે તથા નાગરિકોની જાણકારી માટે વિભાગની કામગીરી દર્શાવતુ બોર્ડ/માહિતી પત્રક રાખવામાં આવશે.

ક્યા કામ માટે કોની પાસે જવુ, કેમ અરજી કરવી, કેમ ફરીયાદ નોંધાવવા, વગેરે બાબતોમાં નાગરિકો ઠીક-ઠીક અંધારામાં હોય છે. વળી, ઘણી ખરી વહિવટી કામગીરીઓ માટેના લધુતમ સમય નક્કી થયા છે. એટલા સમયમાં કામ ન થાય તો નાગરિક ઉપરી અધિકારી સમક્ષ ફરિયાદ કરી શકે છે.

પરંતુ એ ફરીયાદ તો ત્યારે જ કરી શકે કે જ્યારે એને આ બધી બાબતોની જાણ હોય, વાસ્તવમાં, લોકશાહીમાં આ બધી જાણકારી દરેક નાગરિકને પ્રાપ્ત થવી જોઈએ. એને આવી માહિતી આપતાં સરકારી ખતપત્રને નાગરિક અધિકાર પત્ર કહી શકીએ.

એ એક ઐતિહાસિક તથ્ય છે કે ૨૪મી મે ૧૯૯૭ ને દિવસે વડાપ્રધાનશ્રીના પ્રમુખસ્થાને મુખ્યમંત્રીશ્રીઓની પરિષદ મળી તેમાં એવું નક્કી કરવામાં આવ્યુ હતુ કે અસરકારક અને જવાબદાર વહીવટ માટે પગલાં લેવાની તાત્કાલિક જરૂર છે. વહીવટીતંત્ર જવાબદાર અને પારદર્શક બને તે માટે પંડિત જવાહરલાલ નહેરૂએ કહ્યુ હતુ કે ન્યાયપૂર્ણ વ્યવહાર અને નિષ્ઠા એ વહીવટી તંત્રના આવશ્યક ગુણો છે. વહીવટીતંત્રની દક્ષતા અને શુદ્ધતા માટે નાગરિક સભાનતા જરૂરી છે. જો નાગરિકને કાર્યવિધિઓની. એ માટે જરૂરી કાગળો-અરજીઓની, અને એ માટે નિયત થયેલ સમયની જાણકારી હોય તો દક્ષતા અને શુદ્ધતા બન્ને હેતુઓ સરી શકે.

આ સમગ્ર વિષયના પાયામાં નાગરિકની જાણકારી અને સજ્જતા રહેલી છે. નાગરિક અગર પોતાના અધિકારો જ જાણતો ન હોય તો તંત્ર પાસેથી યોગ્ય અને સમયબદ્ધ કામગીરી નહીં કરાવી શકે. એની આવી જાણકારી અને સજ્જતાનો પાયો છે અધિકારપત્ર. નાગરિકને તંત્ર સાથેના વ્યવહારોમાં એના અધિકારની જાણ કરતો આ પત્ર લોકશાહી સમાજને માટે પાયાનો દસ્તાવેજ છે.

આ અધિકારપત્રની વિગતોની જાણકારી વધુ ને વધુ નાગરિકો સુધી પહોંચે તેમાં સંચાર માધ્યમોએ પણ ફાળો આપવો જોઈએ. માધ્યમો આ અધિકારપત્રની વિગતોની પુન: રજુઆત કરી શકે. નાગરિકના અધિકારોની જાણ કરતાં ટીવી કાર્યક્રમો, નાટિકાઓ, વાર્તાઓ સુદ્ધાં બની શકે.